DS-1601010101062202 Seat No. ______

# B. A. (Sem. VI) Examination

**April - 2022**

## Gujarati : Paper-22 (Optional)

*(ગુજરાતી વ્યાકરણ, સાહિત્યસર્જન-લેખન કૌશલ-૬)*

*(Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નો છે.
(2) દરેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવ્યા છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરો. 14

**આભાસી મૃત્યુનું ગીત**

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે...
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે...
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે...
- રાવજી પટેલ

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરો. 14

**સભાપાત્રતા-ની ગઝલ**

કોઈનું પણ આંસુ લૂછ્યું હોય, તે બેસે અહીં,
ને પછી છાતીમાં દૂખ્યું હોય, તે બેસે અહીં.
હાથ વચ્ચે નામ ઘૂટ્યું હોય તે બેસે અહીં,

ને અદબથી એને ભૂસ્યું હોય તે બેસે અહીં.
સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં,
કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય, તે બેસે અહીં.
હાથ પોતાનોય બીજો જાણવા પામે નહીં,
કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં.
એટલો લાયક ખરો કે હું અહીં બેસી શકું ?
એટલું પોતાને પૂછ્યું હોય તે બેસે અહીં.
જે ક્ષણે પોતાને પૂછ્યું હોયની બીજી ક્ષણે,
આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં.

- સ્નેહી પરમાર

2 મધ્યકાલીન સાહિત્યનું સંશોધન અને સંપાદન કરતી વખતે સંશોધક-સંપાદકને પડતી મુશ્કેલીઓ જણાવો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધક-સંપાદક પાસે કયા ગુણો જરૂરી છે એની વિસ્તૃત ચર્ચા કરો. 14

3 સંધિ એટલે શું ? તે જણાવીને સ્વરસંધિ અને વ્યંજનસંધિની સદૃષ્ટાંત વાત કરો. 14

**અથવા**

3 જોડણીભેદ થતા અર્થભેદ થાય છે, આ બાબત જુદા જુદા સાત દૃષ્ટાંતો આપીને સમજાવો. 14

4 'જીવનમાંથી સાહિત્ય અને સાહિત્યમાંથી જીવન' ઉપર સર્જનાત્મક લેખન કરો. 14

**અથવા**

4 કોરોનાનું સંક્રમણ અટકાવવા તમારી કોલેજમાં યોજાયેલા રસીકરણ કેમ્પનું પ્રસંગાલેખન કરો. 14

5 નીચેના 04 (ચાર) પૈકી કોઈ પણ **02 (બે)** પ્રશ્નના જવાબ આપો : 14

(1) સર્જનાત્મક લેખન માટે કઈ કઈ કાળજી રાખવી પડે ?

(2) પ્રસંગાલેખન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

(3) 'માતૃભાષા' ઉપર સર્જનાત્મક લેખન કરો.

(4) તમારા ગામના પુસ્તકાલયની મુલાકાતનું પ્રસંગાલેખન કરો.